# ગેરનો મેળો - અહેવાલ

**તા.૧૬/૦૩/૨૦૨૫**

**સ્થળ – ક્વાંટ, જિ. છોટાઉદેપુર**



ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી,
બિરસા મુંડા ભવન, ગાંધીનગર

# ગેરનો મેળો – અહેવાલ




"ગેરનો મેળો" એ વિશ્વ વિખ્યાત મેળો છે. "ગેરનો મેળો" એ ગુજરાત રાજ્યના છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ ખાતે યોજાઈ છે. ક્વાંટ એ છોટાઉદેપુર જિલ્લાનું તાલુકા મથક છે. રાજાશાહીના સમયે છોટાઉદેપુર એક ‘રજવાડું’ ગણાતું હતું. આ રજવાડાની સ્થાપના ચાંપાનેરના પતઇ રાવલના વંશજ રાવલ ઉદયસિંહજીએ 1743માં કરી હતી. આ રજવાડું રેવાકાંઠા એજન્સીનું બીજા દરજ્જાનું મહત્વનું રજવાડું હતું. આ રજવાડું ઓરસંગ નદીના કિનારે વસેલું હતું.

છોટાઉદેપુર જિલ્લામાં મુખ્યત્વે રાઠવા જનજાતિના લોકો વસવાટ કરે છે. મુંબઈ ગેઝેટિયર - 1825 માં જણાવ્યા મુજબ રાઠવા જનજાતિના લોકો મુખ્યત્વે મધ્યપ્રદેશના માડવા નજીક અલીરાજપુર પાસેના “રાઠ વિસ્તાર”માંથી આવ્યા હોવાનું જાણવા મળે છે. રાઠવા જનજાતિના લોકો રેવાકાંઠા એજન્સીના અલીરાજપુરમાં આવેલા “રાઠ વિસ્તાર”ના વતની હોવાનું માનવામાં આવે છે. રાઠવા જાતિ એ ભીલ જનજાતિની જ એક પેટાજાતિ ગણવામાં આવે છે અને મધ્યપ્રદેશની ભીલાલા જનજાતિને મળતી આવે છે. છોટાઉદેપુર જિલ્લામાં રાઠવા જનજાતિ ઉપરાંત ભીલ, નાયકા અને ધાણકા જનજાતિની વસ્તી વસવાટ કરે છે. આ વિસ્તારના રાઠવા જનજાતિના લોકો ‘રાઠવી બોલી’ બોલે છે. રાઠવા જનજાતિની સંસ્કૃતિનો પરિચય તેમની આગવી સામાજિક - સાંસ્કૃતિક - ધાર્મિક વ્યવસ્થાઓ અને રીતરિવાજો, પરંપરાગત પહેરવેશ, આભૂષણો, પ્રાદેશિક ગીતો, સંગીત વાદ્યો, રાઠવા નૃત્ય, પિઠોરા ચિત્રકલા, રાઠવી બોલી, ધાર્મિક પૂજાવિધિ, હોળીનો તહેવાર વગેરે દ્વારા થાય છે.

## ગેરનો મેળો - ક્વાંટ

ભારત અને ગુજરાતમાં "ગેરનો મેળો" એ ખૂબ જ પ્રખ્યાત મેળો ગણવામાં આવે છે. આ મેળો છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકા ખાતે યોજાઈ છે. ગેરનો મેળો એ હોળીના તહેવાર પછીના ત્રીજા દિવસે (ફાગણ વદ ત્રીજના દિવસે) ભરાઈ છે. આ મેળામાં મોટી સંખ્યામાં ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના આદિવાસી લોકો ભાગ લે છે. હોળીનો તહેવાર એ આદિવાસી લોકોમાં



બધા તહેવારોમાં ખૂબ વિશેષતા ધરાવતો તહેવાર ગણવામાં આવે છે. આદિવાસી લોકોમાં હોળીના તહેવારની ઉજવણી એક મહિનો અગાઉ શરૂ થઈ જાય છે. પોતાના વિસ્તારમાં ભરાતા પરંપરાગત હાટ (અઠવાડિક બજાર)માંથી જરૂરી વસ્તુઓની એક મહિના દરમિયાન તેઓ ખરીદી કરે છે. આદિવાસી વિસ્તારમાં હોળીના તહેવાર દરમિયાન 'ગોઠ માંગવાનો રિવાજ' સવિશેષ જોવા મળે છે. છોટાઉદેપુર જિલ્લામાં હોળીનો તહેવાર સ્થાનિક આયોજન મુજબ અલગ-અલગ જગ્યાએ અલગ



અલગ દિવસે હોળી પ્રગટાવીને નાચ-ગાન સાથે ઉજવણી કરવામાં આવે છે. હોળીના તહેવાર દરમિયાન જુદા જુદા સ્થળે નાના મોટા પરંપરાગત લોક મેળાઓ યોજાઈ છે.



ગેરનો મેળો એ કવાંટનો ખૂબ પ્રખ્યાત મેળો છે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી રાઠવા જનજાતિ ઉપરાંત ભીલ, નાયકા, ધાનકા, વસાવા વગેરે આદિજાતિના લોકો આનંદ અને ઉત્સાહપૂર્વક ભાગ લે છે. આ મેળામાં તેઓ પરંપરાગત પહેરવેશ, ઘરેણાંઓ, સંગીતના વાદ્યો, પરંપરાગત ચીજવસ્તુઓ વગેરે લઈને આવે છે. ગેરના મેળામાં યુવાનો ગેરૈયા બનીને 'ગેરૈયા (ઘેરૈયા) નૃત્ય' કરે છે. ગેરૈયા નૃત્ય એ રાઠવા જનજાતિનું પરંપરાગત અને પ્રખ્યાત નૃત્ય છે. ગેરનો મેળો એ ગેરૈયા નૃત્ય, વિવિધ આદિજાતિના પરંપરાગત પહેરવેશ, સંગીત વાદ્યો અને પરંપરાગત ચીજવસ્તુઓથી એક અનોખો લોક મેળો બની જાય છે.



ગેરનો મેળો અને ગેરૈયા નૃત્યની કેટલીક વિશિષ્ટતાઓ જોઈએ તો ગેરનો મેળો એ ક્વાંટ તાલુકાની આખી બજારમાં મોટી સંખ્યામાં લોકો ભેગા થાય છે. તેઓ ક્વાંટની મુખ્ય બજારમાંથી પસાર થાય છે. આ દરમિયાન આદિવાસી લોકો પોતાનું પરંપરાગત નૃત્યો કરે છે અને સંગીત વાદ્યો વગાડે છે, ગીતો ગાય છે. ગેરૈયા નૃત્યની વિશિષ્ટતા જોઈએ તો પુરુષો સફેદ બંડી, સફેદ ધોતિયું, કમરે રંગીન ચોરસ કાપડું (મોટો રંગીન રૂમાલ) બાંધે છે. ભાઈઓ માથા પર મોર પંખવાળો ફેંટો બાંધે છે તથા કેટલાક ભાઈઓ માથા પર લાલ રંગની પાઘડી પણ પહેરે છે.





કેટલાક પુરુષો લીલો બુશટ કે બ્લુ બુશટ પહેરે છે. આ નૃત્યમાં ભાગ લેનારી મહિલાઓ કેસરી, લાલ કે લીલા રંગનો પરંપરાગત પહેરવેશ પહેરે છે. જેમાં તેઓ ઓઢણી, ચણીયો કે ઘાઘરો અને બ્લાઉઝ પહેરે છે. ભાઈઓ અને બહેનો બંને ગળામાં ચાંદીની ત્રણ-ચાર હારવાળી સાંકળી પહેરે છે. પુરુષો મોઢા પર સફેદ રંગના નાના નાના ટપકા કરે છે અને આખા શરીરે નાના ગોળ વર્તુળ (કુંડાળા) કરે છે. ભાઈઓ કમરે મોટા ઘુઘરાવાળો પટ્ટો બાંધે છે અને ઢોલના તાલે કમર હલાવતા નૃત્ય કરે છે. જ્યારે બહેનો હાથમાં બાજુબંધ અને પગમાં ચાંદીના કડા પહેરે છે. ગેરૈયા ભાઈઓ પોતાના હાથમાં કુંડી નામનું સંગીત વાદ્ય વગાડે છે. જ્યારે બહેનો એક હાથમાં કરતાલ અને બીજા હાથમાં સફેદ કે રંગીન રૂમાલ રાખીને નૃત્ય કરે છે. ગેરૈયા નૃત્યમાં એક વિદુષક હોય છે. જે નૃત્ય દરમિયાન સૌથી આગળ ચાલે છે અને તેનું શરીર સફેદ કે કાળા રંગથી રંગેલું હોય છે. તેના હાથમાં તીર-કામઠું હોય છે અને કમરે તુમડું બાંધે છે.

આ મેળામાં કેટલાક ભાઈઓ મોટા પાવાઓ કે વાંસળી વગાડતા વગાડતા નૃત્ય કરે છે. કેટલાક ભાઈઓ થાળી વાદ્ય પણ વગાડે છે. કેટલાક ભાઈઓ કમરે નાની ઘુઘરીવાળો પટ્ટો પણ પહેરે છે આ મેળામાં કેટલાક ભાઈઓ હાથમાં ધાર્યું કે શેરડીના સાઠા પણ રાખે છ. આધુનિક સમય પ્રમાણે આ નૃત્યમાં કેટલાક યુવાનો માથા પર અને આખા શરીરે કાળો રંગ લગાવે છે અને ચિત્ર વિચિત્ર મોહરાઓ પહેરે છે. કેટલાક યુવાનો કપડાના ફાટેલા લીરા જેવો પહેરવેશ બનાવીને પહેરે છે. ગેરના મેળામાં કેટલાક સ્ત્રી-પુરુષો ધાર્મિક વેશભૂષા પણ કરે છે. જેમાં શિવ-પાર્વતી, રામ-લક્ષ્મણ-હનુમાન, રાધાકૃષ્ણ વગેરે ધાર્મિક પરંપરાગત વેશભૂષામાં તૈયાર થઈને આખા મેળામાં ફરે છે અને તેઓ મેળામાં અનેરું આકર્ષણ ઊભું કરે છે. આ મેળો માણવા ગુજરાતની આજુબાજુ રાજ્યો અને વિદેશમાંથી પણ લોકો આવે છે.





તા.16/3/2025 ના રોજ છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકા ખાતે ગેરનો મેળો યોજાઈ ગયો. આ મેળામાં આદિજાતિ કેબિનેટ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર, આદિજાતિ વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી જે. પી. ગુપ્તાજી, અન્ન અને નાગરિક પુરવઠો તથા સામાજિક ન્યાય સમિતિના મંત્રીશ્રી ભીખુસિંહ પરમાર, સ્થાનિક સંસદસભ્યો, ધારાસભ્યો, પંચાયતના પ્રમુખો અને સભ્યો, કલેકટરશ્રી, પ્રાયોજના વહીવટદારશ્રી, ડીડીઓ, પદાધિકારીઓ તથા જીટીઆરટીએસના કાર્યપાલક નિયામકશ્રી ડો. સી. સી. ચૌધરીજી ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનશ્રીઓએ ગેરનો મેળો, આદિવાસી સંસ્કૃતિ, પરંપરાગત પહેરવેશ, ઘરેણાંઓ, નૃત્ય કલા, વાદ્ય વાજિંત્રો, ગીતો અને હોળીના તહેવારની ઉજવણીનો કાર્યક્રમ આનંદ અને ઉલ્લાસપૂર્વક માણ્યો હતો.

આ ગેરના મેળામાં ઉપસ્થિત રહેલ માન. આદિજાતિ કેબિનેટ મંત્રીશ્રી, સંસદસભ્યો, ધારાસભ્યો અને પદાધિકારીઓએ ગેરના મેળામાં ભાગ લીધેલ દરેક ગેરૈયા ટુકડીઓને રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ.92000 ની સાધન સહાય કીટ અને પ્રોત્સાહક રકમ આપવામાં આવી હતી. જેમાં રૂ.90,000 ગેરૈયા ટુકડીઓને વાદ્ય વાજિંત્રો, પરંપરાગત પહેરવેશ અને નૃત્ય માટે જરૂરી ચીજવસ્તુઓ ખરીદવા માટે અને રૂ.2000 ટીમ લીડરને પ્રોત્સાહન પેટે આપવામાં આવ્યા હતા. 25 જેટલી ગેરૈયા



નૃત્ય ટુકડીઓને પ્રોત્સાહન સહાયરૂપે કુલ 23 લાખ રૂપિયા સાધન સહાય કીટ માટે આપવામાં આવ્યા હતા. છોટાઉદેપુર જિલ્લા વહીવટ તંત્ર દ્વારા ગેરના મેળામાં તિરંદાજી અને ગીલોલ રમત સ્પર્ધા-2025 નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિજેતા બનેલ યુવક-યુવતીઓને પ્રમાણપત્ર અને ઇનામો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આમ, ગેરનો મેળો એ છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી લોકોની અને રાઠવા જનજાતિની સામાજિક-સાંસ્કૃતિક ધરોહર છે.














